# શ્રી એચ. એલ. પટેલ આર્ટ્સ & કોમર્સ & શ્રી પી. ટી. માકડીયા લો કોલેજ,

ભાયાવદર

## <u>જુનિયર ક્લાર્ક ભરતી પરીક્ષા અંગેની જરુરી સૂચનાઓ</u>

- મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોને પસંદ કરવા પ્રથમ તબક્કાની આ પ્રાથમિક પરીક્ષા MCQs પદ્ધતિથી લેવામાં આવશે.
- પરીક્ષા ખંડની અંદર પરીક્ષા શરુ થવાની ૩૦ મિનીટ પહેલા એટલે કે ૧૦:૦૦ કલાકે આવવાનું રહેશે. ત્યારબાદ કોઈપણ સંજોગોમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.
- ઉમેદવારે પરીક્ષા આપવા પરીક્ષાકેન્દ્ર પર આવતી વખતે ઓળખ માટે આધારકાર્ડ, પાન કાર્ડ, ઈલેક્શન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાસપોર્ટ કે સરકારશ્રી દ્વારા અધિકૃત ફોટાવાળું ઓળખકાર્ડ સાથે રાખવાનું રહેશે.
- સરકારશ્રીના નિયમાનુસાર કોઈપણ પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન, ડિઝીટલ વોચ, કેલ્ક્યુલેટર....... જેવા કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રોનિક ગેઝેટ લાવવાના રહેશે નહીં. આમ છતાં આ સૂચનાનું ઉલ્લંઘન થશે તો જે તે પરીક્ષાર્થી પર કાયદાકીય ધોરણે કાર્યવાહી કરવામાં આવશે.
- દરેક પ્રશ્નના જવાબ લખવા ફરજીયાત છે.
- પરીક્ષા ખંડમાં ફક્ત કોલ લેટર, ઓળખપત્ર, પેન-પેન્સીલ સાથે પ્રવેશ મળશે. અન્ય કોઈ સાહિત્ય જેવા કે – બેગ, મોબાઈલ, સ્માર્ટવોચ, કેલ્ક્યુલેટર, ઈલેક્ટ્રિક ગેજેટ....લાવવાના રહેશે નહીં.
- આ હેતુલક્ષી પરીક્ષા હોવાથી ઉમેદવાર પ્રશ્નપત્ર લખવાનો સમય પૂર્ણ ન થાય ત્યાં સુધી પરીક્ષાખંડ છોડી શકશે નહીં.
- પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ ૦.૨૫ માર્ક્સ નેગેટીવ માર્કિંગ રહેશે.
- દરેક પ્રશ્નમાં (E) વિકલ્પ 'પ્રયત્ન કરેલ નથી'(Not attempted) આપેલ છે. જો ઉમેદવાર જવાબ આપવા ઈચ્છતા ન હોય અને તેણે આ વિકલ્પ પસંદ કરેલ હશે તો તેમને નેગેટીવ માર્ક્સ આપવામાં આવશે નહીં.
- જો ઉમેદવારે પ્રશ્નની નીચે આપેલ પાંચ વિકલ્પમાંથી એક પણ વિકલ્પ પસંદ કરેલ નહી હોય તો ૦.૨૫ માર્ક્સ નેગેટીવ માર્કિંગ આપવામાં આવશે.
- OMR SHEET માં ઉમેદવારે નિયત જગ્યાએ બેઠક નંબર અને સહી કરવાની રહેશે. આ સિવાય અન્ય કોઈ લખાણ કે ઓળખચિહન કરવા નહીં. અન્યથા ક્ષતિયુક્ત OMR SHEET રદ ગણીને કોમ્પ્યુટર ચકાસશે નહીં, જેની જવાબદારી ઉમેદવારની રહેશે.
- OMR SHEET માં ખોટા, છેકછાકવાળા, એકથી વધુ વિકલ્પો દર્શાવેલ પ્રશ્નના જવાબના ગુણનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં.
- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે.
- પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે, પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી.
- અરજી ફી સાથે અરજી કરનાર દરેક ઉમેદવારને અરજીની ચકાસણી કર્યા સિવાય કામચલાઉ ધોરણે પ્રાથમિક પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.
- પ્રાથમિક પરીક્ષાને અંતે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની અલગ યાદી તૈયાર કરવામાં આવશે. અને મેરીટસના આધારે ભરવાની થતી જગ્યાના સાત ગણા ઉમેદવારોને બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.
- મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારો આ જાહેરાત અન્વયેની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષે છે, તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.